# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

'વંશીય' અને 'કટ્ટર'ની સામસામી ચડાઇ છે!
આરોપો ને ગંદી ભાષાની ઉકળતી કડાઇ છે!
હાંકે છે બડાઇ રાષ્ટ્ર, વિકાસ, પ્રજાને ભૂલી -
પ્રતિનિધિ નથી આ પ્રજાના આપસી લડાઇ છે.

## હાઈકુ

ખાઇ ખોદી ને
રાજયસભા માટે
કાઢ્યા ઉંદર..

મનરેગા ને
માહિતીના હક્કનું
ગવાયું ગાણું..

## ચિંતન

*વર્જનીયો મતિમતા દુર્જનઃ સખ્ય વેરયોઃ ।*
*શ્વા ભવતિ અપકારાય લિહન્નપિ દશન્નપિ ॥*

'બુદ્ધિમાન લોકોએ દુષ્ટ અને દુર્જન સાથેની મૈત્રી અને દુશ્મની બંનેનો ત્યાગ કરવો જોઇએ. કૂતરો ખૂશ થઇ ચાટે અથવા ગુસ્સામાં કરડે એ બંને નૂકશાન કારક જ છે.'

દુષ્ટ અને દુર્જન સાથે મૈત્રી હોય તો તેના ખરાબ આચાર-વિચાર-અસંસ્કાર-ખરાબ ટેવો વ્યસન-વાસના વગેરેની અસર આપણા પર પડે જ છે અને તેની સોબત કરનાર સજ્જન પણ પોતાના ચરિત્રથી ચલાયમાન થઇ જાય છે.

દુષ્ટની દુશ્મની પણ ખરાબ એ કયારે કઇ ઘડીએ કયા કારણથી તેના મનની આગનો બદલો લઇ લે તેની ખબર પડતી નથી અને વિના કારણ સજ્જનને ત્રાસ ભોગવવાનો આવે છે.

આજના યુગમાં એટલે તો સજ્જન લોકો હિંમત કરી કોઇ દુષ્કર્મીઓ-છેડતી કરનારા-ગુંડા લોકોના કૃત્યોનો સામનો-વિરોધ-સાક્ષી થતા નથી તેમનાથી દૂર રહી લટકતી 'સલામ' રાખવી યોગ્ય અંતર રાખવું જ સારૂં.

## સુવિચાર

- આપણને સમજી શકે તેવું દુનિયાનું કોઇ શ્રેષ્ઠ હોય તો તે સ્વયં આપણે જ છીએ - *રજનીશ*
- દુ:ખનાં દિવસો ચાલે કયાં સુધી?? જ્ઞાનનો સંગાથ ન મળે ત્યાં સુધી, સ્વાર્થી સ્વભાવ રહે કયાં સુધી?? પરોપકારની ભાવના ન જાગે ત્યાં સુધી - *એસ. ભટ્ટાચાર્ય*
- સ્વાર્થી થતી જતી દુનિયામાં એટલું વિચારો... બધા અફસોસથી કહે છે કોઇ કોઇનું નથી.. પણ.. કોઇ એમ નથી વિચારતું કે 'આપણે કોના થયા કે બીજા આપણા થાય..??' - *માનસસૂત્ર*
- ધરતી એના ખોદનારને ખનીજ, પાણી વગેરે અઢળક આપે છે.. તો આપણે તો માણસ છીએ.. આપણું 'ખોદે' તેને પ્રેમ. વાત્સલ્ય ના આપી શકીએ - *જનકલ્યાણ*
- ખુશ રહેવા માટે બે ચાવી (અ) જેને તમે ભૂલી નથી શકતા તેને હંમેશા માફ કરી દો.. (બ) અને તેને ભૂલી જાવ જેને તમે માફ ન કરી શકો - *ધર્માધિકારી*
- તમે સારૂ કાર્ય કરો છો તે ધર્મ છે, પણ તમે જેમાંથી સારૂ કાર્યું કરતાં શીખો તે ધર્મગ્રંથ છે - *ફાધર વર્ગીસ*
- સંઘર્ષ પછીની સિદ્ધી અને સિદ્ધિ પછીનાં સંઘર્ષમાં કોઇ તફાવત ના રહ્યો, પહેલાં સિદ્ધિ મેળવવા અને પછી તેને ટકાવવા માટે ઝઝૂમતો રહ્યો - *નવનિત સમર્પણ*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

કાશ્મીર સરહદે આજે આપણા કેટલાક સૈનિકો ઘૂસણખોરો અને આતંકીઓના ભોગ બને છે આપણું વિશાળ તાલીમબદ્ધ સૈન્ય પણ માર ખાય છે. એનુ કારણ સ્થાનિક 'ફુટેલી' જનતા અને એમની સ્વતંત્ર રહેવાની અનિચ્છા જ પાયામાં છે.

હોલેન્ડની ભૂપૃષ્ઠની પરિસ્થિતિ એવી છે કે જેની જમીન સમુદ્રની સપાટીથી નીચે છે તેથી મોટી ભરતી કે સુનામી જેવા પ્રસંગે સમુદ્રના પાણી શહેરમાં ધોધની જેમ આવી જાય. આથી સરકારે ત્યાં સુરક્ષા માટે ખાસ પ્રકારની દિવાલો બનાવી છે.

સ્વાતંત્ર્ય પ્રેમી-રાષ્ટ્રને વફાદાર-હોલેન્ડ પર હિટલરે હુમલો કર્યો. મોટા સૈન્ય સામે લડત આપી શકાય એમ ન હતું શહિદી સિવાય કોઇ રસ્તો ન હતો. હિટલરનું સૈન્ય નગરમાં ઘૂસી ગયું.

દેશપ્રમી જનતાએ શહિદીની ઇચ્છાથી અને હિલટરની સેનાનો નાશ કરવા સમુદ્રની આડશ માટે દિવાલો બાંધી હતી તે તોડી નાખી. હિલટરની સેના પણ ડૂબી-કેટલાક નાઠા..

હિટલરે ડાયરીમાં નોંધ્યું. બંદૂક અને તોપના નાલચાં કરતા પ્રજાનું ખમીર અને આત્મબળ વધારે શક્તિશાળી છે. હોલેન્ડવાસીઓને વંદન કર્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# શું આમ આદમી પાર્ટી ભારતના રાજનૈતિક ઈતિહાસનો સુખદ વળાંક છે કે પછી એક પરપોટો જે ફૂટી જવા માટે જ ફૂલ્યો છે?

## હમ લડેંગે સાથી... ધ કોફી હાઉસ

*- ઉત્સવ પરમાર*

ભારતના રાજનૈતિક ઈતિહાસ એક તીવ્ર બદલાવના દોરમાંથી પસાર થઈ રહ્યો છે. આ સમય સવારના અખબારોની હેડ-લાઈન્સ સાથે રોમાન્સ કરવાનો છે, ટીવીની સ્ક્રોલીંગ ન્યૂઝ રીલ્સમાં સરકતા તોફાનો અને પ્રાઈમટાઈમની ડિબેટસમાં હવાના બદલાતા રુખની વાતો જાણે એક નવા જ રાજનૈતિક મોસમનો આગાઝ કરતા હોય એવું લાગ્યા કરે....

૨૧મી સદીનું ૧૩મુ વરસ પરાક્રમી નીવડ્યું અને ૧૪માં વરસની અગ્નિપરીક્ષા ચાલુ છે. શું આમ આદમી પાર્ટી ભારતના રાજનૈતિક ઈતિહાસનો સુખદ વળાંક છે કે પછી એક પરપોટો જે ફૂટી જવા માટે જ ફૂલ્યો છે? શું તે એક ભ્રાંતિ છે ... ઉત્સાહ અને આશા જન્માવીને બુજી જનારી આગ છે કે પછી ...ભારતના ભવિષ્ય તરફ આગળ વધતા કદમ?? ભારતભરના આમ આદમીઓની આંખોમાં સપનાઓ ભરી દેનારી આમ આદમી પાર્ટી કોઈ હિપ્નોટીઝમ કે હાયબરનેશન તો નથી ને ??

દિલ્હી વિધાનસભાના ચુનાવી પરિણામો એ રાજનીતિના ગણિતમાં નવા સમીકરણો ઉમેરી દીધા. ગઈકાલ સુધી મીડિયાની જે ચર્ચાઓ માટે રાજનીતિ એ છેલ્લા બે દાયકાથી કોઈ- ક અને કોઈ- બ પાર્ટી વચ્ચેનો ટકરાવ હતો તે મીડિયા માટે - સર્વે ની એજન્સીઓ માટે ચર્ચાનો સાવ જ નવો મુદ્દો હાથ લાગ્યો. પાનના ગલ્લાઓ પર પાન ચાવતા ચાવતા કે પછી કોઈ ફાઈવ સ્ટાર હોટેલના ફોર્કમાં મીટ ભરાવીને લોકતંત્રને વધુ લોકતાંત્રિક કરવાનો એક મોકો હાથ લાગી ગયો. ભારતમાં આજે પણ બુલેટ કરતા બેલેટ શક્તિશાળી છે તેનો આ પુરાવો ...ભારતની અંતહીન વિરોધીતાઓ વચ્ચે પણ જીવતી રહી ગયેલી એક રાજનૈતિક સમન્વિતા!

ગયા અઠવાડીયે લ્યુટિયન દિલ્હીની સડકો પર એક મુખ્યમંત્રી ધરના કરવા બેઠો... કોલ્ડવેવમાં ધ્રુજતા ધુમ્મસ અને કાળી નાગી રાત નીચે એ માણસ ખાંસતા ખાંસતા સુઈ ગયો અને સાથે કેટલાય લોકોએ એક રાત દિલ્હીના રેલભવન સામે વિતાવી! સવારે મુખ્યમંત્રીના પત્ની ટીફીન લઈને આવ્યા અને એક આમ આદમીની જેમ બધાની સાથે ભોજન પણ થયું. અનશનની ગાંધીવાદી ભારતીય પરંપરા હજી પણ જીવે છે. કેટલાક આ બધું એક પોલીટીકલ ગીમિક કહીને હસી નાખે છે તો કેટલાક ૧૯૩૦ ના સવિનય કાનુન ભંગના દિવસો સાથે આ દિવસોની સરખામણી કરે છે. એક સેલ્ફ ક્લેઈમડ એનારકિસ્ટ એક અરાજકતાવાદીનું પ્રશાસન ... પણ છતાય રાજનીતિની હતાશાઓ અને ઠગ વૃતિથી ત્રાસેલા માણસો માટે અરવિંદ એક હીરો છે ...આશા નું નવું કિરણ છે...

કદાચ આવી જ કોઈ કવિતા એ અરવિન્દ ગોવિંદ કેજરીવાલ ને પ્રેરણા આપી હશે ...

હમ લડેંગે સાથી
હમ લડેંગે સાથી ઉદાસ મૌસમ કે લિયે
હમ લડેંગે સાથી ગુલામ ઈચ્છાઓ કે લિયે
હથૌડા અબ ભી ચલતા હે
કત્લ હુએ જજબાત કી કસમ ખાકર
બુઝી હુઈ નજરો કી કસમ ખાકર
હમ લડેંગે સાથી, હમ લડેંગે
ક્યોં કિ લડને કે બગૈર કુછ ભી નહી મિલતા
હમ લડેંગે કિ અભી તક લડે ક્યોં નહી
લડતે હુએ મર જાનેવાલોં કી યાદ જિંદા રખને કે લિયે હમ લડેંગે સાથી -

**- પાશ (અવતાર સિંહ સંધુ)**

# ...આ સાંભળી ડૉકટર મુક્ત મને હસી પડ્યા અને દર્દીય હસતો હતો

## નાની અમથી વાત (હળવે હૈયે) છીંકણી

*- ભગદિવ ભટ્ટ 'હાસ્યાયન'*

આ રજવાડા વખતની વાત છે, અમારે ભાવનગરમાં તે સમયે સર તખ્તસિંહજી હોસ્પિટલમાં સિવિલ સર્જન તરીકેની સ્વ. ડો. હેમંતકુમાર વૈદ્ય હતા. જેઓ ખૂબ બાહોશ ડોકટર હતા. તેમને જુએ એટલે દર્દીનો અડધો રોગ જતો રહે.

એકવાર સાંજના સમયે તેઓ હોસ્પિટલમાં વોર્ડના રાઉન્ડમાં નીકળ્યા. ત્યાં એક ઇમરજન્સી કેમ આવ્યો. દર્દીને ઇમરજન્મી વોર્ડમાં દાખલ કર્યો. ત્યાં તેની વિગતો કેસમાં નોંધી જરૂરી દવા, ઇન્કેજશન વગેરે આપ્યા. એમ કરતાં રાતના સાડા સાત થઇ ગયા. દર્દીને પેશાબનો કબજીયાત થ્યો તો એટલે કે પેશાબ બંધ થઇ ગ્યો તો અને પેટ તો ફુલીને દડો થઇ ગયેલું. ડોકટરે દર્દીની હાલત જોતાં મોટે ઓક્સિજન માસ્ક, નાક વાટે દવા આપી શકાય એટલે નાકમાં નળી વગેરે લગાડેલું. અને ડોકટરે દર્દીના સગાને કહ્યું કે "કાલ સાંજ સુધીમાં પેશાબ થાય તો ઠીક છે નહિં તો પંચર કરી કે નાનો ચેકો મૂકીને પેશાબ કાઢવો પડશે." નર્સને રાતે આપવાની દવાની સૂચના કરી આપી અને વોર્ડ રોબને પણ દર્દીનું આખી રાત ધ્યાન રાખવાની સૂચના આપીને ડોકટર ઘરે જવા નીકળ્યા.

બીજે દિવસે સવારે ૮ વાગે ડોક્ટર દરેક વોર્ડમાં જવા રાઉન્ડમાં નીકળ્યા. જયાં પેલા ઇમરજન્મી વોર્ડમાં આવ્યા ત્યાં તો દર્દીને પલંગમાં બેઠેલો જોયો અને બધે પોતે કર્યું હોય એવું જોઇએ, (દાઢીએ હાથ રાખી) આશ્ચર્યમા ગરક થઇ ગયા ને વોર્ડબોયને પૂછ્યું,' દર્દીને પેશાબ ઉતર્યો ?

વોર્ડબોયે 'હા'કહ્યું અને ટીખળ કર્યું, 'ઉતર્યો નહિ થઇ ગ્યો!'

ડોકટર : કેમ કરતાં થયો ?

વોર્ડ બોય કહે, 'સાહેબ તમે વઢો નહિ તો કહું'

ડોકટરે કહ્યું, 'જા નહિં વઢુ.' (કારણ તેમને તો દર્દીના સાજા થવા સાથે નિસ્બત હતી.)

વોર્ડ બોય : સાહેબ... તમે ગ્યાં પછી હું તો જાગતો બેઠો હતો પણ દર્દીને દવાની કે ઇન્જેકશનની અસર જ કાંઇ થઇ નહિ. હું તો બેઠી બેઠીને કંટાળ્યો હતો. છેવટે બધા જ લોકો સૂઇ ગ્યા એટલે ભગવાનનું નામ લઇ ખેંચી કાઢી. પછી ખીચામાંથી છીંકણીની ડબ્બી કાઢીને દોથોએક છીંકણી સૂંઘાડી દીઘી! પછી તો જે લઇને આ દર્દી જોરથી છીંક્યો ઇ ભેગો તો એનો પેશાબ છૂટી ગ્યો. જુઓ એના લેંઘાનું નાડુંય તૂટી ગ્યુ છે! પછી આ બધુ બદલાવ્યું ને સાફ કર્યું...!!

...આ સાંભળી ડોકટર મુક્ત મને હસી પડ્યા અને દર્દીય હસતો હતો.

# ગીતાજીમાં કહ્યું છે અનેક જન્મોના અંતે વ્યક્તિ જ્ઞાન પામે છે, આ જ્ઞાન એટલે સ્વ સ્વરૂપનું ભાન

## સંસ્કાર ચિંતન

*- અનંત ન. વ્યાસ*

"ચતુર્વિધા મજન્તે માં જનાઃ સુકૃતિ નોઽર્જુન ।
આર્તો જિજ્ઞાસુ અર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષમ્ ..॥"

હે ભરતશ્રેષ્ઠ અર્જુન, ઉત્તમ કર્મવાળા, આર્ત, જિજ્ઞાસુ અર્થાર્થી તથા જ્ઞાની- એવા ચાર પ્રકારના ભક્તો મને ભજે છે.

(શ્રીમદ ભગવદ ગીતા - ૭.૧૬)

શ્રીમદ્ ભગવદ્ - ગીતાજી તો જ્ઞાનનો ભંડાર છે. જેમાં કર્મયોગ - જ્ઞાનયોગ તથા ભક્તિયોગ વિષયક વિશદ્ અન્વેષણા કરવામાં આવી છે. સાતમા અધ્યાયથી ભક્તિ અંગેની વિચારણા શરુ થાય છે. મનની શાંતિ માટે ભક્તિનું મહત્ત્વ કેટલું છે તેનું નિરૂપણ કરાયું છે. મનની શાંતિ માટે પ્રથમ તો ચિત્તની શુદ્ધિ થવી જરૂરી છે. ચિત્ત શુદ્ધિ માટે યજ્ઞ, તપ, દાન તથા જપ. જેવા ઉપકરણો ઉપલબ્ધ તો છે. વિનોબાજી આ સાધનોને સાબુ કે સોડા સાથે સરખાવતા કહે છે. આ તમામ સાધનો મનનો મોલ ધોવા સક્ષમ છે ખરા. પણ પાણી વિના તે કશા કામના નહીં. પાણી હોય તો વસ્ત્રોનો મેલ ધોવાય તેમ ભક્તિરૂપી જળ હોય તો મનનો મેલ ધોવાય. જેમ એકલું નસીબ કે એકલા પુરૂષાર્થના કાર્ય સફળ ન થાય. બંનેનો સહયોગ થવો જોઇએ તેમ ચિત્તની શુદ્ધિ માટે કર્મ, જ્ઞાનની સાથે ભક્તિ પણ તેટલું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભક્તિ ભળે તો કાર્ય સિદ્ધિ ઝડપી થાય છે. જીવનમાં દરેક ક્ષેત્રે ભક્તિની જરૂર છે ભક્તિ સર્વોપરિ ઉપાય છે.

આપણે ત્યાં સામાન્ય ભજન કીર્તન કરનાર પણ ભક્ત ગણાય છે. પરંતુ આ પ્રકારની ભક્તિ ખંડિત ગણાય. ભક્તિ અવ્યભિચારાણી હોવી જોઇએ. પૂજા કરવા બેઠા કે મંદિરે ગયા તેટલો સમય પૂરતો ભક્ત અને વ્યવહારમાં પડ્યા ને પ્રભુ વીસરાયા તે યોગ્ય નથી. ભગવાન ભૂલાય તો મન વિષયોમાં લપટાઇ છે. આજીવિકા માટે ગમે તે કાર્ય કરતા હોઇએ. આખો સમય મનમાં ભગવાનનું અનુસંધાન ચાલું રહેવું જોઇએ. તે ભક્તિની સાચી ભૂમિકા છે ઉપરોક્ત શ્લોકમાં આવા ઉત્તમ કર્મશીલ ભક્તોના દર્શન થાય છે. ભગવાન શ્રીકૃષ્ણે પણ આવા જનોને પોતાના ભક્ત માન્યા છે. આવા ઉચ્ચ કોટીના ભક્તોના ત્રણ પ્રકારો છે. આર્ત, જિજ્ઞાસુ અને અર્થાથી - જયારે જ્ઞાનીની ગણના એકાંગી ભક્ત તરીકે થાય છે. જે વૃત્તિ આપણી જીવનમાં કેટલી છે તે ચકાસવાનું છે. ભૂમિતિમાં જેમ કેટલાક પાયાના સિદ્ધાંતો છે તેમ ગીતાજીમાં વ્યાસજીએ જીવનના ઉપયોગી તત્ત્વોનું નિરૂપણ કર્યું છે. અત્રે રજૂ થયેલ વાતને ચકાસી પોતાની જાતે તાળો મેળવી શકાય છે. કેટલાક અન્ય શાસ્ત્રો પ્રમાણે કહેવા ખાતર કહેવાયું નથી. પણ સત્યતા ચકાસવાનું ખુલ્લું આમંત્રણ છે.

દરેક વ્યક્તિના ચિત્તમાં પોતાના આરાધ્ય દેવ અંગે ચોક્કસ કલ્પના તથા આકારની સમજ હોય છે. અધિકાર ભેદે આ ભગવાન વિશેની માન્યતા અને કલ્પનાઓ બદલાતી જાય છે. જેનો જેટલો અધિકાર તેટલો તેના માટે ભગવાન સાકાર - આપણી વિચાર શક્તિની પ્રબળતા પર પણ ઘણો આધાર છે. જો આપણી વિચારશક્તિ ઉન્નત, સત્વશીલ તથા ભવ્ય હશે તો પરમાત્મા અને તેનાં કાર્યો પરત્વેની ભાવના પણ તેવી જ રહેવાની. ભગવાનની ભવ્યતા એ તેના મંદિરોની ભવ્યતામાં નથી સમાયેલ. એ તો ભક્તના ઉચ્ચ વિચારો તથા તેનાં સત્કર્મોમાં સમાવિષ્ટ થયેલ છે. મનનું સામર્થ્ય તથા પ્રબળ વિચાર-શક્તિના કારણે જ મનનાં સંકલ્પો કલ્યાણકારી બને છે. સામાન્યત: મન ત્રણ પ્રકારના સંવેદનો અનુભવે છે. સાત્ત્વિક કે સુખમય. રાજસ કે દુઃખમય અને તામસ કે મોહમય - તામસ સ્વભાવ ધરાવનાર ભક્ત - ભક્તિધારામાં નહી સાત્ત્વિક બને છે. આર્ત ભક્તની કક્ષાથી જ્ઞાની -ભક્તની કક્ષાએ પહોંચાય છે.

ભગવાન પાસે ખાસ કામનાઓ લઇ જનારા તો સક્ષમ ભક્તો છે. સંતો સકામ-ભક્તોની પાયાની - નબળા પગથિયા સમાન ગણે છે. આપણે મોટા ભાગના ભક્તો સકામ ભક્તો છે જે ભગવાન પાસે અરજીઓ - સ્થુલ - ભૌતિક સુખ- સગવડોની માગણી કરે છે. નિષ્કામ ભક્તોમાં પ્રથમ 'આર્ત' ભક્તો છે. ભગવદ્ -ગીતામાં 'આર્ત'નો અર્થ સંકટમાં મુકાયેલા તેવો કરવામાં આવ્યો છે. રોગી તથા દુઃખી માટે પણ 'આર્ત' શબ્દ પ્રયોજાય છે. માત્ર દુઃખમાં ભગવાન પાસે જો જવાની વૃત્તિ જાગે તો આર્ત- ભક્તો પણ 'સકામ'ની મર્યાદામાં આવી જાય. આર્ત તથા સકામ વચ્ચે પાતળી ભેદરેખા છે. સકામ ભક્તોમાં કાંઇ બૌદ્ધિક અભિગમ નથી હોતા માત્ર હતાશા અને નિરાશા જ હોય છે. જયારે આર્ત-ભક્તો ભગવાન પરતો પ્રેમ ધરાવે છે. વિનોબાજી આ ભેદ સ્પષ્ટ કરવા 'આર્દ' શબ્દ આપે છે. તેઓનાં મંતવ્ય પ્રમાણે આર્ત-ભક્તોના હૃદય પોચાં, કોમળ હોય છે. તે અતિ સંવેદનશીલ હોય. તેની કરૂણતાની ભાવના સમસ્ત ભૂલ પ્રત્યે વહે છે. વૃક્ષ કપાતાં જોઇ જેની આંખમાં આંસુ આવે તે આર્ત-ભક્ત. દાદા પાંડુરંગ આર્ત ભક્ત માટે કહે છે - તે પોતાના દુઃખ દૂર કરવા નડી રડતો. પણ પારકાના દુઃખે દુઃખી થાય છે.

આર્તથી આગળનું પગથિયું જિજ્ઞાસુ ભક્તનું છે. જિજ્ઞાસા માનવ - સ્વભાવની મૂળભૂત વૃત્તિ છે. નાના બાળકને જો જોશો તો તુરત જણાશે. તે ચારેબાજુ કુતુહલભરી નજરે જુએ છે. તમામ દેખીતા દૃશ્યોને આત્મસાત કરવા પ્રયત્ન કરે છે. આજ સુધીમાં થયેલા તમામ સંશોધનો પાછળ જિજ્ઞાસા વૃત્તિ જ કાર્ય કરે છે. આપણે ત્યાં વૃત્તિનું જુદી રીતે ઉર્ધ્વીકરણ થયું છે. બાહ્ય-વિશ્વના સંશોધન બદલે આત્મ-સંશોધન પર ભાર મુકાય છે. જીજ્ઞાસુ ભક્ત આ વિશ્વ પાછળ કંઇ સત્તા કામ કરી રહી છે. તે જાણવા ઇચ્છા ધરાવે છે. આત્મા-પરમાત્મા અને જીવાત્મા શું છે. આ બ્રહ્માંડની ઉત્પત્તિ કેમ થઇ. મૃત્યુ પછી કંઇ ગતિ થાય છે. કર્મો કેવા કરવા - ઇત્યાદિ પ્રશ્નો તેના મનમાં ઊઠતા હોય છે. તેના યોગ્ય ઉકેલ માટે તે પ્રભુના શરણે જાય છે. આઠવલેના મત પ્રમાણએ લોકોમાં દુઃખનું કારણ શોધવાની તેને જિજ્ઞાસા હોય છે. સુખદુઃખ આવે તે માટે પ્રભુને પ્રાર્થના કરે છે. અર્થાર્થી માટે વિત્ત - ઇચ્છુક તેવો અર્થ ગીતાજી આપે છે. જે વ્યક્તિ પોતાના વિષય ભોગ માટે નહિ પણ યજ્ઞ-કાર્ય માટે વિત્ત ઇચ્છે તે સાચો અર્થાર્થી. ઘણા બધા સામાજિક કામોમાં વિપુલ ધનની જરૂર પડે છે. દાન સિવાય લોક-કલ્યાણના કામો તથા નથી. આપણે ત્યાં વાવકુવા ખોદાવવા તો ધર્મશાળાઓ બંધાવવી. પાંજરાપોળો ચલાવવી જેવા કાર્યો માટે મહાજનોની જરૂર પડતી. આજના યુગમાં પણ અનેક પ્રકારની શિબિરો થતી હોય છે. તેમાં થતા ખર્ચ માટે દાન એક જ ઉપાય છે. અન્ય માટે ધન એકઠું કરે ને જે પરોપકારમાં વાપરે તે અર્થારથી. વિનોબાજીનુ 'અર્થાર્થીનો અર્થ ધન નથી કરતા પણ હેતુ કહે છે. જે વ્યક્તિ પોતાના કર્મોના હેતુ વિચારે. અને કેવા કર્મો કરવાથી આત્માનું તથા સમાજનું કલ્યાણ થાય તેવા કર્મો કરે તે અર્થાર્થી. પોતાનુ 'કોઇ પણ આચરણ સમાજ માટે હાનિકારક ન થાય તેનું ચિંતન કરે તે અર્થાર્થી. આ બધા જ ભક્તો ઉદાર-ચિત્ત ધરાવતા હોય છે. એકાંગી ભક્ત તે જ્ઞાની-ભક્ત ભગવાને આ સૌમાં જ્ઞાનીને સર્વશ્રેષ્ઠ કહ્યો છે. જ્ઞાની-ભક્ત મને સૌથી વધારે પ્રિય છે. તેવું જણાવી આગળ જતાં એમ પણ કરવું કે જ્ઞાની તો મારૂં જ સ્વરૂપ છે.

જ્ઞાન અને જ્ઞાની માટે આપણી સમજણ કાચી હોય છે. ક્યારેક આપણે બાહ્ય - દેખાવ પરથી, વાતચિત્તની કળાથી - ઉપદેશના વાકયો ટાંકવાના કૌશલ્યથી કે પછી આડંબર - પદને પદવીથી જ્ઞાની માનીએ છીએ. જ્ઞાની હોવું તે એક જન્મારામાં શક્ય નથી. ગીતાજીમાં કહ્યું છે અનેક જન્મોના અંતે વ્યક્તિ જ્ઞાન પામે છે.

*(અનુસંધાન પાના નં. ૬ પર)*

# સાહિત્ય એક એવી સાંવેદનિક ફૂંક છે, જે મનુષ્યત્વ પર ફરી વળેલી રાખને દૂર કરી આગ પ્રગટાવે છે

## અનુભૂતિની ભાષા અક્ષયપાત્ર

*- બકુલ દવે*

**Literature is the thought of thinking souls.**

**- carlyle**

(સાહિત્ય ચિંતનશીલ આત્માનું પાથેય છે.)

'સાહિત્ય'નો અર્થ જ છે, સહિત અથવા સાથે ચાલે છે તે. કોની સાથે ચાલે છે તે? ઉત્તર છે, જીવનસંઘર્ષનું કલાત્મક આલેખન રજૂ કરી સાથે ચાલે છે તે. વિચારોને સંકોરતા રહી - માણસને પરિમાર્જિત કરતાં-કરતાં સાથે ચાલે છે તે. ભીતર કયાંક કોઇ ખૂણામાં રહેલા અંધકારનું વિમોચન કરી સાથે ચાલે છે તે. સાહિત્ય એ છે કે જેમાં જીવનની નક્કર વાસ્તવિકતા ગૂંથાઇ હોય. કલ્પનાનાં રંગ એટલા જ હોય જે યથાર્થને કલાત્મક રીતે સચોટ ઉપસાવે. જેમાં કૃતકતા છે, સંવેદના નથી અને જીવનલક્ષી ચિંતનને સ્થાન નથી તે સાહિત્યની વ્યાખ્યામાં આવી શકતું નથી.

સાહિત્યકારનું લક્ષ્ય એક હોય છે ને તે છે માનવમનનાં ઊંડાણોને તાગવાનું. એમાંથી જીવનના અમૃતને બહાર આણવાનું. આ તો જ શક્ય બને જો સાહિત્યકારની અનુભૂતિ વિશ્વાનુભૂતિ બનવા તરફ વ્યાપ્ત હોય. સર્જનની વ્યાપ્ત થતી અનુભૂતિના પરિઘમાં ભાવક પણ આવી જાય છે ને તેથી એની કૃતિમાં ભાવકને સચ્ચાઇનો રણકો સંભળાય છે. આત્મીયતાના સેતુ દ્વારા સર્જક અને ભાવકનું મિલન સૂક્ષ્મ સ્તરે શક્ય બને છે. સત્ત્વશીલ લેખનનું આ પાયાનું લક્ષણ છે ને જરૂરિયાત પણ. કલ્પનામાં અનુભૂતિ ભળે ત્યારે અભિવ્યક્તિમાં અવનવાં રંગ પ્રગટવાની શકયતાઓનું નિર્માણ થઇ શકે છે. અનુભૂતિના સરાણે ચડી ધારદાર બનેલી કલ્પનામાં ભાવકના હૃદયગોખમાં દીપ પ્રગટાવી અજવાળું કરવાની ક્ષમતા સર્જાય છે. આપણા હૃદયગખમાં અગણિત સાહિત્યકારોએ પ્રગટાવેલા દીવા આજે પણ અખંડ બળે છે ને પ્રકાશ વેરતા રહે છે તે આનું પ્રમાણ છે. ઓસ્કાર વાઇલ્ડે સાહિત્યમાં કલ્પનાના સંદર્ભે કહ્યું છે, **'Literature always anticipates life. It does not copy it, but moulds it to its purpose.'** અર્થાત્ 'જીવનમાં જે કંઇ બની શકે તેની કલ્પના સાહિત્યમાં હોય છે. સાહિત્ય તેની નકલ કરતું નથી પણ તે (કલ્પનાને) કલાત્મક હેતુ સધાય તે રીતે ઢાળે છે - આકાર આપે છે.' અનુભૂતિ નિજી હોય ત્યારે આ વિધાન સાચું ઠરે છે. સર્જકની અનુભૂતિમાંથી પ્રગટેલા શબ્દને શણગારની જરૂર પડતી નથી. એ જેવા હોય છે તેવો સુંદર હોય છે. સરળ શબ્દોમાં રજૂ થતી વાર્તા કે કવિતા ભાવકને સ્પર્શી જતી હોય છે, જો એમાં અનુભૂતિજન્ય ઊંડાણ હોય તો. એનાથી ઊલ્ટું, કેટલીક વાર ઝાકઝમાળભરી ભાષામાં આલેખાયેલી કૃતિ કંટાળો આપે છે. ઊછીની સંવેદના લેખકને સંદિગ્ધ ભાષા પ્રયોજવા પ્રેરે છે.

અનુભૂતિમાંથી રચાયેલી ભાષા ગાંધીજીએ કહ્યું છે તેમ એક સામાન્ય કોશિયો પણ પણ સમજી શકશે એવી સહજ અને સરળ અનાયાસ જ બની રહેશે. સાંપ્રત સાહિત્યમાં - ગમે તે કારણસર - સરળ ભાષામાં લખાયેલી સુવાચ્ય કૃતિઓ કરતાં સંદિગ્ધ ભાષામાં સર્જાતી કૃતિઓ દેખાય છે. વાચકો ઘટતા જાય છે તે માટે આ કારણ પણ હોઇ શકે. સાહિત્ય સર્જક અને ભાવક વચ્ચે હાર્દિક સ્તરે પ્રત્યાયન થતું હોય છે, બૌદ્ધિક સ્તરે નહીં, સાહિત્ય એક એવી સાંવેદનિક ફૂંક છે, જે મનુષ્યત્વ પર ફરી વળેલી રાખને દૂર કરી આગ પ્રગટાવે છે.